# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

---

- **આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરાઈ રહી છે.**
- રાજયભરમાં ગઇકાલે યોજાયેલી ગુજકેટ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઇ છે.
- રાજયની 14 સરકારી યુનિવર્સીટીઓ અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે કોમન એડમીશન પોર્ટલ પર આજથી ઓનલાઈન નોંધણીનો પ્રારંભ થશે.
- રાજ્યભરમાં તાપમાનમાં ઘટાડો
- અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી IPL 20-20 મેચમાં ગુજરાત ટાઇટન્સનો સનરાઇઝર હૈદરાબાદ સામે સાત વિકેટે વિજય થયો છે.

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# election

આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની તમામ 26 બેઠકો માટે સાતમી મે ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. આ ઉપરાંત રાજ્યની વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે. 12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે અને 19મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

રાજ્યમાં 50 હજાર 600થી વધુ મતદાન મથકો પર મતદાન થશે. ચૂંટણી માટે મતદાન મથકના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા માટે સમગ્ર તંત્રને આદેશો આપ્યા છે.

ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે.

ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે ચૂંટણી ખર્ચ નિરીક્ષક દ્વારા રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા જનજાગૃતિના વ્યાપક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણીપંચે આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે, ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે વિવિધ સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે.

---

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# CM-NAVSARI, MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નવસારી ખાતે ભાજપ દ્વારા આયોજીત અપેક્ષિત કાર્યકર્તાની બૃહદ બેઠક તથા પ્રભાવિ મતદારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં મુખ્યમંત્રીએ નવસારી લોકસભા મત વિસ્તારના ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સાથે આગામી ચૂંટણીલક્ષી આયોજનો અંગે ચર્ચા વિચારણા કરીને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મહેસાણાની દૂધસાગર ડેરી હોલ ખાતે બૃહદ બેઠક યોજાઇ હતી. જેમાં ચૂંટણી લક્ષી આયોજનો અંગે ખાસ ચર્ચા-વિચારણા કરાઇ હતી. આ તકે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દરમિયાન દમણ ખાતે કોંગ્રેસના ઉમેદવાર કેતન પટલે વાહન રેલી યોજી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પટેલે જણાવ્યું કે, ચૂંટણી જીત્યા બાદ દિવ-દમણની અનેક સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરાશે.

---

-રીપીટ, પીટીસી, દમણ, નિકીતા, નવીન

# GUJ. CAT

રાજયભરમાં ગઇકાલે યોજાયેલી ગુજકેટ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઇ છે. ધોરણ 12 સાયન્સ પછી ઇજનેરી – ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષા માટે 1.38 લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રાજયમાં કુલ 34 સેન્ટરમાં આ પરીક્ષા યોજાઈ હતી. સરેરાશ 97 ટકા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા પરીક્ષા દરમિયાન સમગ્ર રાજયમાં એક કોપી કેસ નોંધાયો હતો.

આ વર્ષે ગુજકેટના ચારેય પ્રશ્નપત્રો એકંદરે સરળ હોવાથી વિદ્યાર્થીઓમાં આનંદ જોવા મળ્યો હતો.

બોર્ડ દ્વારા હવે ગુજકેટની પ્રોવીઝનલ આન્સ કી જાહેર કરી મુલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવશે.

અમારા પાટણ જીલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણ જિલ્લાના 12 પરીક્ષા કેન્દ્રો પર ગઇકાલે ધોરણ 12 સાયન્સના 2 હજાર 107 વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જેમાં 1 હજાર 195 વિદ્યાર્થીઓ અને 912 વિદ્યાર્થિનીઓ હતી.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગર જિલ્લામાં ગુજકેટની પરીક્ષા માટે નોંધાયેલ કુલ 7 હજાર 123 પૈકી 7 હજાર 19 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને 104 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ભાવનગરમાં 34 બિલ્ડિંગમાં કુલ 357 બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, ભાવનગર, ડેસ્ક, નિકીતા, સંસ્કૃતિ -(નવીન)

# Common Admission

રાજયની 14 સરકારી યુનિવર્સીટીઓ અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે કોમન એડમીશન પોર્ટલ પર આજથી ઓનલાઈન નોંધણીનો પ્રારંભ થશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સહિત રાજયની 14 સરકારી યુનિવર્સિટીઓની વિવિધ શાખાઓમાં યુ.જી. પી.જી. અને પી.એચ.ડી. કોર્સીસના પ્રવેશ માટે સરકાર દ્વારા પ્રથમવાર કોમન એડમિશન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યુ.જી. કોર્સીસમ પ્રવેશ માટે આજથી ધો. 12ના4 વિદ્યાર્થીઓ ઓનલાઇન નોંધણી કરી શકશે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# NTA-CUET-(UG)

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની પરીક્ષા CUET-(UG) 2024ના ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 5મી એપ્રિલ સુધી લંબાવી છે.

એજન્સીની યાદીમાં જણાવ્યા મુજબ ઉમેદવારો અને અન્ય હિતધારકો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈ આ તારીખ લંબાવવામાં આવી છે. ઉમેદવારો ઓળખ માટે સ્કૂલ આઈડી અથવા ફોટોગ્રાફ સાથે કોઈપણ સરકારી આઈડીનો પણ ઉપયોગ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા આગામી 15 થી 31 મે દરમિયાન યોજાવાની છે.

---

-પુલ કરણ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# GSSSB

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનારી વર્ગ – ૩ ની ગ્રુપ એ અને ગ્રુપ બીની પરીક્ષાના પ્રવેશપત્ર  ડાઉનલોડ કરવા માટેની મુદ્દતમાં વધારો કરાયો છે.

ઉલ્લેખનીય છે કે  આ પ્રવેશપત્રો ડાઉનલોડ કરવાનો ગઇકાલે છેલ્લો દિવસ હતો. પરંતુ ઘણા ઉમેદવારોએ પ્રવેશપત્રો ડાઉનલોડ ન કર્યાનું ધ્યાને આવતા આ મુદત આગામી 6 એપ્રિલ સુધી વધારવામાં આવી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# CBSE

સીબીએસઈ માં આજથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે.

તાજેતરમાં બોર્ડ દ્વારા પહેલી એપ્રિલથી નવું શૈક્ષણિક વર્ષ શરૂ કરવા જણાવાયું હતું જે મુજબ રાજ્યભરની સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં આજથી નવું શૈક્ષણિક સત્ર રજૂ કરવામાં આવશે.

જોકે ધોરણ 10ના પરિણામ બાદ ધોરણ 11ના ક્લાસ શરૂ કરાશે. ઉપરાંત આ વર્ષથી નવી શિક્ષણનીતિ મુજબ નવા અભ્યાસક્રમ ભણવવામાં આવશે.

---

-ડેસ્ક, નિકીતા -(દુર્ગેશ)

# weather

રાજ્યમાં તાપમાનમાં ઘટાડાથી ગરમીનું પ્રમાણ ઘટ્યું છે.

રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી કે તેથી ઓછું નોંધાયું છે. જેને કારણે લોકોને અસહ્ય ઉકળાટ અને બફારામાં થોડી રાહત મળી છે.

ગઈકાલે સૌથી વધુ 39 સેલ્સિયસ મહત્તમ તાપમાન અમરેલી ખાતે નોંધાયું છે. આ સાથે ગાંધીનગરમાં 38 સેલ્સિયસ, કેશોર, મહુવા, સુરેન્દ્રનગર, વડોદરા, સુરત અને અમદાવાદ ખાતે 37 સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે જે સામાન્ય કરતાં એકથી બે ડિગ્રી ઓછું છે.

અમદાવાદમાં સળંગ ચોથા દિવસે ગરમીમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લાં ચાર દિવસમાં અમદાવાદના મહત્તમ તાપમાનમાં ચારથી પાંચ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ તાપમાનમાં ફેરફારની સંભાવના નહીંવત રહેવાનું જણાવ્યું છે.

---

-IMD નિકીતા -(દુર્ગેશ)

# IPL

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી IPL 20-20 મેચમાં ગુજરાત ટાઇટન્સનો સનરાઇઝર હૈદરાબાદ સામે સાત વિકેટે વિજય થયો છે.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી હૈદરાબાદની ટીમે 20 ઓવરમાં 8 વિકેટે 162 રન બનાવ્યા હતા. ગુજરાત તરફથી મોહિત શર્માએ 3 વિકેટો પકડી હતી.

163 રનનો લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતની ટીમે 19.1 ઓવરમાં 3 વિકેટે 168 રન બનાવી મેચ જીતી લીધી હતી. ગુજરાત તરફથી સાઇ સુદર્શને 45, ડેવિડ મિલરે 44 અને શુભમન ગીલે 36 રન બનાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતની ટીમ ત્રણ મેચમાંથી બે મેચમાં જીત સાથે ચાર અંક ધરાવે છે.

દરમિયાન સ્ટેડિયમમાં ગઇકાલે મોટી સંખ્યામ૩ લોકો મેચ જોવા ઉમટયા હતા. જો કે ગરમીના કારણે 70 લોકોને ડિહાઇડ્રેશન, ચક્કર, ઉલટી જેવી તકલીફો ઉભી થઇ હતી. ગરમીની આગાહીને પગલે સ્ટેડિયમમાં ઉભા કરાયેલા મેડિકલ સેન્ટરમાં 9 લોકોને સારવાર અપાઈ હતી. સ્ટેડિયમમાં ORSના પાઉચની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

---

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# Autism Day

વિશ્વ ઓટીઝમ દિવસ નિમિત્તે અમદાવાદ સિવિલ મેડીસીટીની સરકારી સ્પાઇન ઇન્સ્ટિટ્યુટમાં આજે અને આવતીકાલે વિવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, ઓટીઝમ એ વિકાસલક્ષી ડિસઓર્ડર છે. ઓટીઝમ ધરાવતા બાળકો માટે ઓક્યુપેશનલ થેરાપી આર્શીવાદ સ્વરૂપ છે. વિશ્વ ઓટીઝમ દિવસ નિમિત્તે આજે ઓટીઝમ બાળકો દ્વારા નૃત્ય, રમતગમત, ભાત ચિત્રો સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આવતીકાલે જાણીતા વકતાઓ દ્વારા ઓટીઝમને લગતા વિષયો ઉપર ચર્ચા કરાશે.

ઓટીઝમ જાગૃતતા માટે ઓક્યુપેશનલ થેરાપી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાટક પ્રસ્તૃત કરાશે ઉપરાંત વિવિધ એવોર્ડનું પણ વિતરણ કરાશે.

---------------------------------------------------------------------

-યાદી, નિકીતા -(નવીન)

# DAY EASTER

સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તી ભાઈઓ-બહેનો દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનર્જીવન પ્રસંગે ગઇકાલે ઈસ્ટર પર્વની ઉજવણી કરવામાં આવી. એવું માનવામાં આવે છે કે, પ્રભુ ઈસુને વધસ્તંભ પર જડ્યા બાદ આ દિવસે મુએલા માથી પુનરુત્થાન થયા હતા. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ઈસ્ટરની શુભકામના પાઠવી હતી.

રાજયના આણંદ જિલ્લામાં વસતા ખ્રિસ્તી બિરાદરોએ પાસ્ખા પર્વ અને ઇસ્ટરની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. જિલ્લામાં 40 દિવસના ઉપવાસ અને છેલ્લા ૩ દિવસ સતત ચાલેલી પ્રાર્થનાઓ બાદ ભગવાન ઇસુના પુનરૂત્થાન પર્વની ઉજવણી કરાઇ હતી.

-------------------------------------------------------------------

-રીપીટ

# Tax collection PATAN

પાટણ નગરપાલિકા દ્વારા વેરા વસુલાત ઝુંબેશ સઘન બનાવાઈ છે. અમારા પાટણ જીલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણ નગર પાલિકા દ્વારા 19.50 કરોડ રૂપિયાના બાકી વેરાની વસુલાત કરવામાં આવી છે. આ ઝુંબેશ આજથી શરૂ થતાં નવા નાણાકીય વર્ષથી પણ બાકી વેરા વસુલાતની ઝુંબેશ ચાલું રખાશે. મિલકત ધારકો પાસેથી કુલ બાકી વેરાની 37.59 કરોડની રકમ સામે 19.50 કરોડની રકમ વસૂલવામાં આવી છે.

નગરપાલિકાની વેરા શાખા દ્વારા અત્યાર સુધીમા બાકી વેરા મિલકત ધારકો પૈકીના 374 મિલ્કતોના નળ કનેકશન અને 185 મિલ્કતોના ભૂગર્ભ કનેક્શન કાપવાની સાથે 21 થી વધુ બાકી વેરા મિલકત ધારકોની મિલકત સિલ કરવામાં આવી હોવાનું નગર પાલિકાના વેરા શાખા અધિકારી લક્ષ્મણભાઈ પટેલે જણાવ્યું છે.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, સંસ્કૃતિ -(નવીન)

# Bhavnagar customer safety

ભાવનગર જિલ્લાની નંદકુંવરબા મહિલા કોલેજ દેવરાજનગરના રાષ્ટ્રીય સેવા યોજના ના ઉપક્રમે ગ્રાહક સુરક્ષા અને જાગૃતિ અંગેનો સેમીનાર યોજાઈ ગયો.

આ સેમિનારમાં ગ્રાહક સુરક્ષા મંડળના ટ્રસ્ટી જતીન પંડ્યા, કારોબારી સભ્ય જાનકીબેન પંડ્યા તથા ગ્રાહક સુરક્ષા મંડળના કાર્યાલય મંત્રી મીનાબેન ચોકસી દ્વારા ગ્રાહક સુરક્ષા અંગેના કાયદા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, સંસ્કૃતિ -(નવીન)